માધ્યમિક
# શિક્ષણ અને પરીક્ષણ

**શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક**

Year : 11 • Issue : 11 : May, 2022

(Printed and Posted on 28th of Each Month)



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

## માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


### સલાહકાર મંડળ

**શ્રી એ. જે. શાહ** (આઈએએસ)
અધ્યક્ષશ્રી

### તંત્રી મંડળ

1. **શ્રી ડી. એસ. પટેલ**
સચિવ અને તંત્રી
2. **શ્રી બી. એન. રાજગોર**
સંયુક્ત નિયામક અને સહતંત્રી
3. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


### સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ.400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂનથી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ. 200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ. 40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

### લેખકોને સૂચનાઓ

1. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382010ને નામજોગ મોકલવા.
2. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જરૂરી છે.
3. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.
4. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.
5. સામયિકમાં પ્રસિદ્ધ થતા લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.
6. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ.200/- પુરસ્કાર આપવામાં આવશે.
7. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.
8. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.

## કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું શિક્ષણદર્શન અને પ્રકૃતિદર્શન

- "કેળવણી એટલે પરમ સત્ય શોધવામાં મનને મદદરૂપ થવું, જે આપણને કાળનાં બંધનોમાંથી મુક્ત કરે, દ્રવ્યનો નહિ પણ આંતરપ્રકાશનો, શક્તિનો નહિ પણ પ્રેમનો ખજાનો અપાવે તથા સત્યને અસલ સ્વરૂપે છતું કરે."

- "સ્વાતંત્ર્ય એ શિક્ષણનું ધ્યેય છે. મનુષ્યનો આત્મા મનુષ્યને દોરે એ અનુસાર પોતાના જીવનનું ઘડતર કરતાં શીખવે એ જ સાચું શિક્ષણ છે."

- "પ્રકૃતિ ઉત્તમ શિક્ષક છે. શીખવા માટે પ્રકૃતિની ગોદ અપેક્ષિત છે. જ્યાં બાળક જીવનની આવશ્યકતાઓની પૂર્તિ સ્વયં શોધે, પોતાની મુશ્કેલીઓનું સમાધાન પોતે શોધે, જીવન વીતાવવાને બદલે જીવન જીવતાં શીખે, ત્યાં તે ફૂલ-પાન-વૃક્ષ-છોડ-લતા-ગુલાબ સાથે મિત્રતા બાંધે. આકાશની નિહારિકામાં ખોવાઈ જાય, તારાઓની ગણતરી કરે, ચંદ્રમાની કળા અને ઋતુ અનુસાર રાત-દિવસનાં વધઘટની ભૂગોળ શીખે, પક્ષીઓની સાથે ગીત ગાય, ભમરાઓ સાથે નાચે, નદીનાળા, દરિયા, સરોવરો જુએ, તેનું સંગીત સાંભળે, વિશ્વ અસ્તિત્વની સાથે તે રાષ્ટ્રીય ઐક્યની પરાકાષ્ઠા સુધી પહોંચે. આ રીતે વિદ્યાર્થીઓ અને છાત્રો પ્રકૃતિ સાથે અભ્યાસના પ્રેરક અને પવિત્ર વાતાવરણમાં પોતાની સ્વાભાવિક વૃધ્ધિ (Growth) પામશે."

(સંકલન)

('શિક્ષણની તાત્ત્વિક આધારશિલાઓ' પુસ્તકમાંથી સાભાર)


**સંપર્ક : સંશોધન શાખા**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર - 382010
E-mail : shikshanparikshan.gseb@gmail.com
બોર્ડની વેબસાઈટનું સરનામું : www.gseb.org

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચક મિત્રો,**

સૌને નમસ્કાર. ભારત દેશના વિકાસમાં ગુજરાતનું યોગદાન આગવું ને અપૂર્વ છે. ગુણવંતી ગુજરાતના વિકાસમાં સૌનો ભગીરથ પુરુષાર્થ છે. 1 મે ના રોજ ગુજરાતના 62મા સ્થાપના દિનની રાજ્ય સરકાર દ્વારા પાટણ ખાતે ભવ્ય ઉજવણી થઈ. વેપાર-વાણિજ્ય અને શિક્ષણ સાથે સંસ્કારની આપણા સૌની ગરવી ગુર્જરભૂમિની દેશ-વિદેશે આન, બાન અને શાન વધતી જાય છે. સૌના સાથ અને સહકારથી માતા, માતૃભાષા, માતૃભૂમિ અને માતૃસંસ્થાનો મહિમા હરહંમેશ વધતો રહે, તેનો જયજયકાર થાય તેવાં સુંદર કાર્યો અને પ્રવૃત્તિઓ ઋણ સ્વીકાર સાથે કરતાં રહીએ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-2022માં યોજાયેલી ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) અને ગુજકેટ એપ્રિલ-2022ની પરીક્ષાનું પરિણામ તા.12-05-2022ના રોજ જાહેર કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા પરીક્ષાર્થીઓને હાર્દિક અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવું છું. પરીક્ષામાં સફળ ન થઈ શકેલ પરીક્ષાર્થીઓ વિશેષ પ્રયત્નો અને પરિશ્રમ સાથે આગામી પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરે તેવી આશા વ્યક્ત કરું છું.

5મી જૂન, 'વિશ્વ પર્યાવરણ દિને' શાળાના વિદ્યાર્થીઓ પર્યાવરણનું રક્ષણ અને જતન કરવા માટે વિશિષ્ટ કાર્યક્રમોમાં જોડાય તથા પ્રકૃતિ, પર્વતો, નદીઓ, સરોવરો, વૃક્ષો, જંગલો, ફૂલ-છોડ વગેરેના રક્ષણ કરવા માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તેવા શાળાકક્ષાએ કાર્યક્રમોનું આયોજન થાય તે ખૂબ જરૂરી છે.

13મી જૂન, 2022થી પ્રારંભ થતા નવા શૈક્ષણિક સત્રથી શાળાના સમયપત્રક પ્રમાણે શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ નવી સંકલ્પનાઓ, આયામો અને સિદ્ધિઓને સર કરવા માટે પ્રતિબદ્ધ થાય તેમજ નવીન શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રણાલિઓને અભ્યાસક્રમ સાથે સંલગ્ન કરીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને સરળ બનાવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે.

બાળકોને જરૂરી પ્રેમ, સ્નેહ, હૂંફના સેતુથી જોડીએ. દીકરા સાથે દીકરીઓ પણ ભણે, ડ્રોપ આઉટ રેટ ઘટે અને સાક્ષરતાનું પ્રમાણ વધતું રહે એવા નિષ્ઠાભર્યા પ્રયત્નો કરીએ. શાળાસંચાલનમાં તંદુરસ્ત, સ્પર્ધાત્મક અને ભાવાત્મક વાતાવરણ સર્જાય, ઉજ્જવળ પરિણામોની પરંપરા જળવાય, સરકારશ્રીના નીતિનિયમોનું પાલન થતું રહે તથા બાળકો અને વાલીઓને કેન્દ્રમાં રાખીને તેમના કલ્યાણના શુભ સંકલ્પ સાથે બાળકોના સર્વાંગી વિકાસના મુખ્ય હેતુથી રાષ્ટ્રીય શિક્ષણની નવી નીતિનો અભ્યાસ સૌ આચાર્યશ્રીઓ અને શિક્ષકો કરે તે જરૂરી છે.

સૌને 2022-23ના નવા શૈક્ષણિક વર્ષની શુભકામના પાઠવી વિરમુ છું. જયહિંદ.

**એ. જે. શાહ**
**અધ્યક્ષ**

તા. 20-05-2022

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | વિદ્યાર્થીના જીવનમાં લક્ષ્ય, આત્મપ્રતિષ્ઠા અને ઉત્સાહનું મહત્ત્વ | ડૉ. ભાણજી એચ. સોમૈયા | 4 |
| 2. | વૅકેશન : શિક્ષકો માટે સ્વ-વિકાસની સોનેરી તક | ડૉ. અલ્પેશભાઈ પી. ચૌહાણ | 7 |
| 3. | કરિઅર : એક રાસ્તા હૈ જિંદગી, જો થમ ગયે.. તો કુછ નહીં ! | જય વસાવડા | 10 |
| 4. | ધોરણ-9 થી 12ના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ લોકસાહિત્યના શિક્ષણનું અનુશીલન | ડૉ. ભરત જાદવ | 12 |
| 5. | ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત : શહીદ રામપ્રસાદ બિસ્મિલ | જીતુ નાયક | 15 |
| 6. | ગુજરાત : સામાન્ય જ્ઞાન કસોટી | સંકલન | 17 |
| 7. | વહીવટી વિભાગ : પરિપત્ર | સંકલન | 20 |
| 8. | ધોરણ-9 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | | 23 |
| | ધોરણ-10 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | | 25 |
| | ધોરણ-11 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | | 27 |
| | ધોરણ-12 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | | 29 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્ય મિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સાદર વંદન. **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** આપ સૌ વાચકો, ગ્રાહકો, શિક્ષણપ્રેમીઓ અને લેખક મિત્રોના અમૂલ્ય સાથ-સહકારથી, પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહનભર્યા ભાવ-પ્રતિભાવો, મંતવ્યો, રચનાત્મક સૂચનો સાથે સાંપ્રત પ્રવાહો અંતર્ગત શૈક્ષણિક વિચારો પીરસીને છેલ્લાં 45 વર્ષથી આ શૈક્ષણિક મૅગેઝિનનું સફળતાપૂર્વક પ્રકાશન અને લેખન-સંપાદન તંત્રીમંડળના પુરુષાર્થભર્યા પ્રયત્નોથી થઈ રહ્યું છે. તે બદલ અત્રેથી બોર્ડપરિવાર વતી સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. જૂન-2022થી આ મૅગેઝિનનું વર્ષ બદલાતું હોવાથી વ્યક્તિગત વાચક-ગ્રાહક મિત્રોએ નિયત લવાજમ સમયસર ભરી દઈને આ શૈક્ષણિક મૅગેઝિનનો લાભ લેવા વિનંતી છે.

દેશને આઝાદી મળ્યા પછી ગુજરાતના ગૌરવવંતા વિકાસ પાછળ અનેક મહાન વિભૂતિઓનો ફાળો રહ્યો છે. ગુજરાતની પ્રજાએ ગુજરાતને ગુણવંતી અને ગરવી બનાવવા પાછળ જે પુરુષાર્થભર્યો ઈતિહાસ રચ્યો છે તેનાથી ગુજરાતે વિશ્વના નકશામાં અગ્રગણ્ય ને અપૂર્વ સ્થાન અંકિત કર્યું છે. મા ગુર્જરીને તથા તેના ઘડવૈયાઓને કોટિ કોટિ વંદન પાઠવું છું.

સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીની ઉજવણી અંતર્ગત આગામી જૂન, 2022થી શાળાએ નિબંધલેખન, વક્તૃત્વ, કાવ્યગાન, કાવ્યપઠન, પુસ્તકપ્રદર્શન જેવા વિશિષ્ટ કાર્યક્રમો યોજીને તેનો ફોટા સહિતનો અહેવાલ અત્રેની કચેરીએ મોકલવા વિનંતી છે. શિક્ષણકાર્ય સાથે બાળકોમાં દેશભક્તિ, દેશદાઝ અને દેશપ્રેમ ઉજાગર થાય તથા માતૃભાષા અને તેના સાહિત્ય પ્રત્યે વધુ પ્રીતિ વધતી રહે એવી પ્રવૃત્તિઓ યોજવા અનુરોધ છે.

ગત વર્ષથી રાજ્ય સરકાર તથા તમામ શાળા-સંસ્થાઓ દ્વારા સમગ્ર રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ 'આઝાદીના અમૃત મહોત્સવ'ની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી થઈ રહી છે ત્યારે આ મૅગેઝિનના ગતાંકના પરિપત્રમાં દર્શાવેલ તારીખવાર કાર્યક્રમો શાળામાં દર મહિને થતા રહે એવા પ્રયત્નો કરીએ.

શિક્ષણ ક્ષેત્રે પ્રગતિશીલ ગુજરાતને વધુ વેગ આપવા શિક્ષણના પવિત્ર વ્યવસાય સાથે જોડાયેલા મુખ્ય ચાર ઘટકો છે. સંચાલકો, આચાર્યો, શિક્ષકો અને વાલીગણ. માત્ર ભૌતિક સાધન-સુવિધાઓ ઊભી કરીને નહિ પરંતુ શિક્ષણની ગુણવત્તા અને સ્વાયત્તતામાં વૃદ્ધિ કરીને, શિક્ષણની ગરિમા જાળવીને, પોતાની શાળાને આદર્શ વિદ્યાધામ અને જ્ઞાનમંદિર બનાવીને, ઉજ્જવળ પરિણામો મેળવીને, પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને કેળવીને, બાળકોમાં સંસ્કારો અને મૂલ્યોનું સિંચન કરીને ચાલે તે શ્રેષ્ઠ શાળા કહેવાય.

નવા શૈક્ષણિક સત્રનો 13 જૂનથી શુભારંભ થશે. વૅકેશનમાં શાળાઓએ પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી હશે. જે શાળાઓ વર્ષ દરમિયાન પ્રગતિ, સિધ્ધિઓ, ઉપલબ્ધિઓ અને પરિણામોના વિકાસગ્રાફમાં ઉત્તમ રહી છે તે સૌ અભિનંદનને પાત્ર છે.

ધો.12 પછી વિદ્યાર્થી ભાઈ-બહેનો પોતાની અભ્યાસકીય કારકિર્દીની નવી દિશામાં ઉત્તરોત્તર પ્રગતિ કરી પોતાના પરિવાર, સમાજ અને રાજ્યનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવું છું. 'જય જય ગરવી ગુજરાત'.

**ડી. એસ. પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-05-2022

# વિદ્યાર્થીજીવનમાં લક્ષ્ય, આત્મપ્રતિષ્ઠા અને ઉત્સાહનું મહત્ત્વ

ડૉ. ભાણજી એચ. સૌમેયા

અમેરિકાના લેખિકા માર્યા સ્ટેવાર્ટના શબ્દોમાં કહું તો, ''નાનપણથી જ મેં ખૂબ જ જ્ઞાન મેળવવાનું અને એ જ્ઞાનને વહેંચવાનું સ્વપ્ન સેવ્યું છે. આજે પણ હું લખાણ દ્વારા આ જ કામ કરું છું. એટલે મારી જાતને હું શિક્ષક માનવામાં ગૌરવ અનુભવુ છું. મારી જિંદગીનું એકમાત્ર લક્ષ્ય એ છે કે હું સદા શીખતી રહું... નવું નવું શીખવામાં જ મજા છે. તેમાંથી નવા નવા વિચારો અને પ્રગતિ સહ સિદ્ધિઓ મળે છે.''

વિદ્યાર્થીમિત્રો, જીવનમાં સ્પષ્ટ લક્ષ્ય હોવા જ જોઈએ, કારણ કે તેનાથી આપણને જીવન જીવવાની પ્રેરણા મળે છે તેમજ નવું બળ મળે છે. સ્પષ્ટ અને લિખિત લક્ષ્ય, પ્રતિજ્ઞા અને સંકલ્પ અને તેનો અમલ કરવાનો પ્રયાસ એ એવું સશક્ત માધ્યમ છે, જે અશક્ય લક્ષ્યને શક્ય કરે છે. માટે જ હમણાં જ તમારી ડાયરીમાં શું બનવું છે ? જીવનમાં શું શું મેળવવું છે ? અને તે ક્યારે પ્રાપ્ત થશે તે સાલ, તારીખ અને માસવાર સ્પષ્ટપણે લખી નાખો અને તેની પ્રાપ્તિ માટે પુષ્કળ પ્રયત્ન કરો. નિષ્ફળતાઓ મળે તો નિરાશ અને હતાશ ન થાઓ. આશા અને અપેક્ષા સાથે લક્ષ્ય સંબંધી કામ કરવાનું ચાલુ રાખો. અંતે જીત તમારી નક્કી છે. સ્પષ્ટ અને લિખિત ધ્યેય ખૂબ જ ઝડપથી સાકાર થાય છે. આ સત્ય અને તથ્યને જાણવા બ્રુસલીએ પોતાને લખેલ પત્ર ગુગલ પરથી શોધીને વાંચવા અનુરોધ કરું છું.

સ્પષ્ટ લક્ષ્ય, પ્રતિજ્ઞા અને સફળતાપ્રાપ્તિની પ્રબળ ઝંખના એ વૈશ્વિક ચેતનાની અનંત શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. લક્ષ્યપ્રાપ્તિની પ્રથમ પૂર્વશરત એ છે કે આપણે પાત્રતા કેળવવી જોઈએ અને પાત્રતા પ્રાપ્ત કરવા લક્ષ્યપ્રાપ્તિ માટે ઝઝૂમવું પડે છે. જે વિદ્યાર્થીઓ પાત્રતા કેળવવાની તૈયારી ધરાવે છે અને જેમની પાસે ઝઝૂમવાનું જોમ છે તેઓ અવશ્ય નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે. આપણે ગમે તેટલી ઉચ્ચ પદવીઓ મેળવીએ પણ રૂપિયાની બચત ન કરી શકીએ તો શું વળે ? આજના સમય પ્રમાણે લક્ષ્યપ્રાપ્તિનું માપદંડ આપણે મહિને કેટલા રૂપિયા કમાઈએ છીએ તેના આધારે થાય છે. એટલેકે આજના સમયમાં માણસની સફળતાનું માપદંડ ધન કેન્દ્રિત છે.

લક્ષ્યપ્રાપ્તિમાં પવિત્ર ધનની સાથે રાષ્ટ્રીય ધર્મની અને રાષ્ટ્રીય ધર્મ સાથે પવિત્ર ધનની હિમાયત છે, સ્પષ્ટ સ્વપ્નહીન અને ધન વિનાનો ધાર્મિક વ્યક્તિ પોતાનામાં સામર્થ્ય હોવા છતાં સામાન્ય દરજ્જાનું જીવન જીવે છે તો બીજી બાજુ સ્પષ્ટ સ્વપ્નસેવી પણ ધર્મહીન ધનસંપન્ન ધનવાન તો બની જાય છે. પણ... ધર્મ વિનાનું ધન, ધનવાન વ્યક્તિની શાંતિ છીનવી લે છે, ઊંઘ હરામ કરી નાખે છે અને જીવન ઝેર જેવું બનાવી દે છે. માટે પ્રત્યેક વ્યક્તિ ધનવાન બને અને સાથે-સાથે ધર્મવાન બનવું જોઈએ. અહીં રાષ્ટ્રીય ધર્મની વ્યાખ્યા આપણા તમામ કર્તવ્યો સૈન્યના અધિકારી કે સૈનિકની જેમ ઈમાનદારી અને જવાબદારી સાથે નિભાવવા તે છે.

લક્ષ્યને હાંસલ કરવામાં આત્મપ્રતિષ્ઠા અગત્યનો ભાગ ભજવે છે. અહંકાર અને આત્મપ્રતિષ્ઠામાં મોટો તફાવત છે. અન્યને નીચા દેખાડીને પોતે જ હોશિયાર છે અને પોતાને જ બધું આવડે છે, એ દર્શાવવાનો પ્રયાસ એ અહંકારી માણસનાં લક્ષણો છે. જ્યારે અન્યને નીચા દેખાડ્યા વિના પોતાની સિદ્ધિઓનું વિનમ્રતાપૂર્વક વર્ણન કરવું, એ અહંકાર નથી પણ એ સેલ્ફ મોટીવેશનની નિશાની છે. જીવનમાં દરેક વ્યક્તિએ નિષ્ફળતા, હતાશા, નિરાશા, બેચેની, ઉદાસીનતા, અવગણના, અપમાન, અવરોધ, આફત, અડચણ, સંઘર્ષ અને સંકટમાંથી પસાર થવું પડે છે. જીવનના આ કપરા કાળે સ્વ-પ્રોત્સાહિત થવું અનિવાર્ય છે. જીવનના સંઘર્ષના સેલ્ફ મોટીવેશન એક મૅડિસીન, ટૉનિક અને ઉત્સાહનું કાર્ય કરે છે ત્યારે પોતે પોતાની સિદ્ધિઓ વિશે બોલે કે લખે સ્વપ્રોત્સાહિત થવાનું મનોવિજ્ઞાન છે, જે નિરાશ-હતાશ વ્યક્તિમાં અદમ્ય ઉત્સાહ સર્જવાનું કાર્ય કરે છે.

**મારગ હશે નક્કી અને લક્ષ્યાંક ચોખ્ખા હોય તો,**
**મંઝિલ સુધી આરામથી પહોંચાય છે ગુજરાતમાં. (ધૂની માંડલિયા)**

આત્મપ્રતિષ્ઠામાં એ ઉત્સાહનું ઉદ્‌ગમસ્થાન છે. ઉત્સાહની અદ્‌ભુત અસર હોય છે કે ઉત્સાહી માણસ અન્ય લોકોમાં અસાધારણ ઉત્સાહનું નિર્માણ કરે છે. ઉત્સાહી માણસ એક ઈલેક્ટ્રીક પાવરહાઉસ જેવું કાર્ય કરે છે. જે પોતાનામાં પરિવાર, પડોશ, મિત્રવર્તુળ, ઑફિસ, સંગઠન, સમાજ અને રાષ્ટ્રમાં અજવાળા પાથરવાનું પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે. એક ઉત્સાહી માણસ એક હજાર માણસ સમાન હોય છે. માટે જે આન્દ્રે મોરોઈસ કહે છે કે, ''પ્રત્યેક ઉત્સાહી વ્યક્તિ પોતાનાં સ્વપ્નોને સાકાર કરવાનું સામર્થ્ય ધરાવે છે.'' હેનરી ફોર્ડના કહેવા પ્રમાણે, ''જે વ્યક્તિની આંખમાં ઉત્સાહ હશે તે વ્યક્તિ ધાર્યું કરી શકશે.''

જે મનુષ્યો પોતાના જીવનમાં માત્ર ધન મેળવવાના અભિગમથી જ જીવે છે તે મનુષ્યો જીવનમાં અઢળક ધન મેળવે તો છે, પણ જીવનમાં પોતાના કર્તવ્યની અમીટ છાપ પાડી શકતા નથી. પરંતુ જે મનુષ્યો પોતાના જીવનમાં કંઈક આપવાના, દાન કે મદદ કરવાના અભિગમથી જ જીવે છે તે મનુષ્યો જીવનમાં અઢળક મેળવે કે ન મેળવે એવા મનુષ્યો વ્યક્તિમાંથી વિભૂતિ બની ઇતિહાસમાં અમર છાપ છોડતા જાય છે. જીવનની વાસ્તવિક્તાની વાત કરું તો, જીવનની પ્રત્યેક પળ પરિવર્તનશીલ છે, મનુષ્ય પ્રત્યેક પળે સંતોષ કે અસંતોષની લાગણી અનુભવે અને પ્રત્યેક મનુષ્ય અરસપરસ નિર્ભર છે; એ જીવનની વાસ્તવિકતા છે. એટલેકે જીવનની પ્રત્યેક ક્ષણે ગમે કે ન ગમે પણ પરિવર્તન માટે તૈયાર રહેવું એ જીવનનું પ્રથમ સત્ય છે. જીવનમાં દરેક વ્યક્તિ અપરિપૂર્ણ છે તેમજ પ્રત્યેક વ્યક્તિનું જીવન અરસપરસ નિર્ભર છે, એ જીવનનું એક અનન્ય તથ્ય છે.

જીવનમાં બીજી અગત્યની વાત કરું તો જીવનમાં શ્વાસનું આવવું અને જવું તેમજ જીવનમાં આપવું અને મેળવવું એ જીવતરના વૈશ્વિક સત્યો છે તેમજ ગૌરવમય જીવન જીવવું એ આવશ્યક છે. ગૌરવમય જીવન કોને કહેવાય એ એક ઉદાહરણ દ્વારા સમજીએ.

એક બહેન કંઈક કાર્ય કરવામાં પ્રવૃત્ત છે. એમની પાસેથી સજ્જન પસાર થાય છે, જે આ બહેનને બરાબર ઓળખે છે. એ બહેને ફાટેલ થીંગડાંવાળી સાડી પહેરેલ હોવાથી, એ સજ્જન એ બહેનને કહે છે, ''આપ વિખ્યાત પિતાની દીકરી છો અને ફાટેલતૂટેલ થીંગડાંવાળી સાડી પહેરી છે, આપને શરમ નથી લાગતી ?''

એ બહેને સજ્જનને જવાબ આપતા કહ્યું કે, ''ફાટેલી થીંગડાંવાળી સાડી પહેરવી એ કોઈ શરમની વાત નથી. શરમ તો ત્યારે આવવી જોઈએ જ્યારે આપણે ચોરી કરીએ, ચારિત્ર્યહીન બનીએ... વધુમાં એ બહેને જણાવ્યું કે જે મેં ફાટેલ તૂટેલ સાડી થીંગડાંવાળી પહેરી છે એ પણ મારા પિતાજીના જૂના ધોતિયામાંથી બનાવી છે...'' ખરેખર છે ને આ વાત આપણે સૌને આત્મમંથન કરવાની ? એ બહેન હતા, તત્કાલીન ભારતના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની દીકરી મણિબેન પટેલ અને મણિબેનને સવાલ કરનાર સજ્જન હતા, મહાવીર ત્યાગીજી.

રૂપિયા બચાવવાના અજ્ઞાનના અભાવ અને ધનના અભાવથી પ્રામાણિક માણસને પણ ઘણું ભોગવવું પડે છે. પરંતુ કહેવત છે ને ''જાગ્યા ત્યારથી સવાર.'' ચાલો, હવે જાગી જઈએ. માતા-પિતાના રૂપિયે જે મોજશોખ કરીએ છીએ કે વ્યસનો અથવા ફેશન પાછળ આપણે રૂપિયા બગાડીએ છીએ તેની જગ્યાએ બચત પર ધ્યાન આપીએ. કારણ વગરના પૈસાના બગાડને અટકાવીને કોઈ પણ માણસ સુખી, સર્જનાત્મક અને ઉપયોગી જીવન જીવી શકે છે.

મિત્રો, આજે તમે ગમે તેવી સ્થિતિમાં જીવનસંઘર્ષ કરતા હો કે નિષ્ફળતા વચ્ચે જીવન ગુજારી રહ્યા હો પરંતુ જરાય ગભરાશો નહીં. ધનના અભાવવાળા માટે અવગણના, અપમાન, અવરોધ, આફત, અડચણ, સંઘર્ષ અને સંકટ ધનના દ્વાર ખોલવાનો માર્ગ છે. વિશ્વના ધનવાન લોકોના જીવન અંગે જાણવાનો પ્રયાસ કરશો તો મોટાભાગના ધનિકો ગરીબ કે સામાન્ય પરિવારમાં જન્મ્યાં હતા.

હેનરી ફોર્ડનો જન્મ એક અતિ નિર્ધન પરિવારમાં થયો હતો. બે ટંકનું ભોજન પણ મેળવવા ફાંફાં હતા. તે

**ઘોષ ગીતાના સદાય કરતી, કર્મયોગ ગુંજવતી,**
**જય ગૌરવવંતી માત, તુજને વંદન જય ગુજરાત ! (બચુભાઈ રાવત)**

ફાટેલાં-તૂટેલાં કપડાં પહેરતા. તેઓ પોતાના મિત્ર પાસેથી પાંચ ડોલર ઉધાર લઈ સવારના છ વાગ્યાથી રાત્રિના દસ વાગ્યા સુધી ફૂટપાથ પર બેસી સાઈકલ પંચર કરતા હતા અને ફૂટપાથ પર જ સૂઈ જતા હતા. જેઓ આજે વિશ્વ વિખ્યાત ફોર્ડ કાર કંપનીના સ્થાપક અને ઉદ્યોગપતિ છે. સ્ટીવ કેઈસ જેઓ આજે "એ.ઓ.ઈ." નામની ઈન્ટરનેટ કંપનીના માલિક છે તથા "રિવોલ્યુશન" રિપોર્ટ અને હેલ્થકેર કંપનીના સ્થાપક છે. તેઓ નાનપણમાં તો ઘેર-ઘેર જઈ ન્યૂઝપેપર પહોંચાડવાનું કામ કરતાં હતા.

જગ વિખ્યાત ટી.વી. હોસ્ટ ઓપ્રાહ વિન્ફ્રેનું નામ ગુગલમાં સર્ચ કરશો તો ખબર પડશે કે, તે સાવ કંગાળ અને ગરીબ પરિવારમાં જન્મી હતી. એમણે સ્વ-બળે, સંઘર્ષો વચ્ચે ધન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. જગતભરમાં કેટલાયે દેશોમાં તેમના શૉ થઈ ગયા છે. એમણે જે જગતને માર્ગદર્શન આપ્યું છે એ પ્રત્યેક વ્યક્તિએ હંમેશાં સ્મરણમાં રાખવું જોઈએ. "મુશ્કેલીઓ જ શક્તિનો સ્રોત છે. જ્યાં સંઘર્ષ નથી ત્યાં સફળતા નથી. ઝનૂન જ એક શક્તિ છે. જે તમને ઉત્તેજિત કરે છે. તમે જે કંઈ કરો છો તે કોઈ ઉમદા ઉદ્દેશ્યની પૂર્તિ ન કરતું હોય તો પછી તમે ગમે તેટલી સત્તા કે સંપત્તિ મેળવો બધી જ નકામી છે" ધ વૉલ્ટ ડિઝની કંપનીના પ્રણેતા, વિશ્વપ્રખ્યાત કાર્ટુનિસ્ટ અને મિકીમાઉસના સર્જક તો કહે છે, "મુશ્કેલીઓને કારણે મારું મનોબળ વધુ દઢ બન્યું છે."

બેરોજગારી, આર્થિક પ્રશ્નો, સામાજિક સમસ્યાઓ, નિષ્ફળતાઓથી ડરી જઈને કે નિષ્ફળતાના કાલ્પનિક ભયથી આજે કેટલાયે યુવાનો આત્મહત્યા કરી બેસે છે, એ તદ્દન અયોગ્ય અભિગમ છે. આ તો માતા-પિતાનું ઋણ ચૂકવ્યા વિના માતા-પિતાને વધુ દુઃખી કરવાનો માર્ગ છે. મિત્રો, નિષ્ફળતા તો જીવનની કડવી અને વરવી સચ્ચાઈ છે. બિઝનેસ જગતના સુપ્રસિદ્ધ મૅગેઝિન 'ફોર્બસ' ના પાયોનિયર બી.સી. ફોર્બસના મતે, "નિષ્ફળતાઓ તો સફળતા મેળવવાની દવા છે."

મનુષ્યજીવનનો મુખ્ય ધ્યેય લોકોને પ્રેમ, પ્રેરણા, પ્રોત્સાહન, હૂંફ, હિંમત, જોમ, જુસ્સો, ઉત્સાહ અને માર્ગદર્શન આપવાનું છે. સૌને ઉપયોગી થવામાં જ માનવીનું તેમજ સમગ્ર માનવજાતનું કલ્યાણ છે.

જીવનમાં લિખિત રીતે લક્ષ્ય સ્પષ્ટ કરવાથી અને વારંવાર વાંચવાથી તે હાંસલ કરી શકાય છે. એ માટે નિષ્ફળતાઓ સમયે મક્કમ મન રાખીને નિરંતર કાર્ય કરતા રહેવું અનિવાર્ય છે. કોઈપણ માણસ લક્ષ્ય સ્પષ્ટ કરીને, સમય પ્રમાણે જીવીને, સ્વ-પ્રોત્સાહિત થતો રહીને અને સતત નીતિ-નિષ્ઠાપૂર્વક કાર્ય કરે છે તેનો અવશ્ય વિજય થાય છે.

**સંપર્ક : 20, ગણેશનગર, ગાંધીધામ,**
**કચ્છ - 370201**

## શિક્ષકનો ઈન્ટરવ્યૂ

શાળામાં ભાષાના શિક્ષકની નિમણૂક થવાની હતી. ઘણી અરજીઓ આવી હતી. ઉમેદવારોનો ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યો. લેખિત કસોટી, જૂથ ચર્ચા, મૌખિક કસોટી એમ જુદા જુદા સ્તરે ઈન્ટરવ્યૂ લીધા પછી ગળાતાં ગળાતાં બે ઉમેદવારો સરખા ગુણાંક પર આવી ઊભા. કોની પસંદગી કરવી ?

આખરે કમિટીમાં જે સૌથી વરિષ્ઠ વિદ્વાન હતા, એમણે અંતિમ નિર્ણયની જવાબદારી લીધી. એમણે બંને ઉમેદવારોને સાથે જ બોલાવ્યા. એકને પૂછ્યું, 'સાહિત્યમાં મૌલિક કૃતિ અને અનુવાદિત કૃતિની વાત કરીએ. જે મૌલિક કૃતિનો વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદ થાય એ કૃતિ ઊંચી કહેવાય કે કેમ ?' પહેલા ઉમેદવારને કહ્યું, 'નિશ્ચિત.' બીજાને પણ એ જ પ્રશ્ન પૂછવામાં આવ્યો. એણે કહ્યું, 'જે કૃતિ સ્વયં એટલી બળુકી હોય કે એનો અન્ય ભાષામાં અનુવાદ ન થઈ શકે, એ મારી દૃષ્ટિએ ઊંચી.' આ ઉમેદવારની નિમણૂક થઈ.

**(સંકલન)**

**પહેલું મારું ભારત ને બીજું મારું ગુજરાત,**
**એક સીધાસાદા ગુજરાતીની આ છે સાદી વાત. (મુકુલ ચોકસી)**

# વેકેશન : શિક્ષકો માટે સ્વ-વિકાસની સોનેરી તક

ડૉ. અલ્પેશભાઈ પી. ચૌહાણ

સમય એ વિશ્વની સૌથી મૂલ્યવાન વસ્તુ છે કારણ કે જે સમય પસાર થાય છે તે પાછો મેળવી શકાતો નથી. જીવોનું આયુષ્ય મર્યાદિત છે. તેની દરેક ક્ષણ ખૂબ ઝડપથી વહેતી રહે છે. સાથે જ 'પરિવર્તનમાં જ ખરી મજા છે.' શિક્ષણ જેવા બૌદ્ધિક વ્યવસાય સાથે જોડાયેલા લોકો માટે વૅકેશન ખૂબ જરૂરી છે. વૅકેશનનો સમય આનંદ અને મનોરંજન દ્વારા ઊર્જાવાન બની નવા શૈક્ષણિક વર્ષ માટે તૈયાર થવાનો છે. રજાઓનું મહત્ત્વ અને મૂલ્ય સમજો, તમારા મનની અંદર જોવાનો પ્રયાસ કરો. શિક્ષક શાળામાં વર્ષના દરેક દિવસે કાર્યરત હોવો જ જોઈએ. પણ ઘણીવાર શાળાના સમયપત્રકની બહાર પણ કાર્યરત રહેવું જરૂરી લાગે છે. જેના માટે યોગ્ય સમય છે ઉનાળુ વૅકેશન. આ વૅકેશન દરમિયાન શિક્ષકોએ સ્વ-વિકાસ માટે કરી શકાય તેવા કેટલાક મહત્ત્વનાં કાર્યો અહીં સૂચવ્યા છે.

- **સતત નવું કાર્ય કરવાનો પ્રયાસ કરો.**

એક શિક્ષક એટલે માત્ર શાળા નહીં. તમારી હદોને વિસ્તૃત કરો. કોઈ શોખ કેળવો અથવા તમારા શિક્ષણ વિષયથી અલગ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવો. તમને આશ્ચર્ય થશે કે આ બાબત આવતા વર્ષમાં તમારા શિક્ષણને વ્યાપક બનાવી શકે છે. નવી રૂચિ, નવો શોખ એ તમારા નવા વિદ્યાર્થીઓ સાથે સેતુરૂપ બનશે.

- **ફક્ત તમારા માટે કંઈક કરો.**

નિજાનંદ માટે ગમતી પ્રવૃત્તિ કરો જે ફક્ત અને ફક્ત તમારા માટે જ હોય. પરિપૂર્ણ જીવન મેળવવા માટે શરીર, મન અને આત્માની કાળજી લેવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પોતાના માટે કરેલી પ્રવૃત્તિઓ આગામી વર્ષ માટે ઊર્જાવાન બનાવવા અને પુનઃપ્રારંભ કરવામાં મદદ કરશે. કવિ રાજેશ વ્યાસ ('મિસ્કીન')ના શબ્દોમાં જોઈએ તો,

**એકસરખું હશે જો કે પણ તો કંટાળી જઈશ,**
**વત્તું ઓછું જો હૃદય હરખાય છે, આભાર માન.**

- **છેલ્લા વર્ષના શિક્ષણ અનુભવો પ્રતિબિંબિત કરો.**

પાછલા વર્ષનો વિચાર કરો અને તમારી સફળતાઓ અને તમારા પડકારોને ઓળખો. તમારે બંને વિશે વિચારવામાં થોડો સમય પસાર કરવો જોઈએ. ખાસ, સફળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરો. હકારાત્મક વિચારધારા અપનાવો જેનાથી તમને આગામી વર્ષમાં વધુ સારી સફળતા મળશે.

- **શૈક્ષણિક સુધારાઓ અને નવીનતા વિશે માહિતગાર રહો.**

વૅકેશન દરમિયાન દરરોજ સમાચાર વાંચો અને જાણો કે શિક્ષણજગતમાં શું થઈ રહ્યું છે. આજના શૈક્ષણિક સુધારાઓ અને કાયદાકીય નિર્ણયો આવતીકાલના વર્ગખંડના વાતાવરણમાં મોટો ફેરફાર લાવી શકે છે. શિક્ષણજગતમાં આવતા ફેરફારની માહિતી તમને સફળ વર્ગસંચાલક બનાવશે.

- **તમારી કુશળતા જાળવી રાખો.**

જ્ઞાન અમાપ છે. તમે જે વિષય શીખવો છો તેના વિશે તમે હંમેશાં વધુ જાણવાનો પ્રયત્ન કરો છો. શિક્ષણના વર્તમાન પ્રવાહો સાથેના નવીનતમ પ્રકાશનો વાંચતાં રહો. વર્ગમાં આવતો વિદ્યાર્થી દરરોજ નવું નવું જાણીને આવશે. આ પડકારોને પહોંચી વળવા શિક્ષણમાં આધુનિકતાનું જ્ઞાન જ તમને વર્ગખંડ વ્યવહાર માટે સક્ષમ બનાવશે.

- **સુધારણા માટેના પાઠ પસંદ કરો.**

સમગ્ર પાઠ્યક્રમમાંથી ત્રણથી પાંચ એકમ પસંદ કરી તે માટે નવી રસપ્રદ અધ્યાપન પદ્ધતિ શોધવાનો પ્રયત્ન કરો. કદાચ તેમાં માત્ર બાહ્ય સામગ્રી કે નવાં ઉદાહરણો ઉમેરવાથી અથવા તેનું ફરી પાઠઆયોજન લખવાથી નક્કી કરેલ અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત કરી શકાય. આ પાઠ યોજનાઓનું પુનર્લેખન અને પુનર્વિચાર કરવા માટે એક સપ્તાહ પસાર કરો. નવા પાઠ માટે તમે એક ઉત્તમ બીજ શોધી શકો છો.

**યોગ એટલે શરીર, મન અને આત્માનો સંતુલિત વિકાસ.**

**● તમારી વર્ગખંડ પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરો.**

શું તમારી પાસે અસરકારક અધ્યાપન નીતિ છે ? તમારા અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓએ રસપૂર્વક અધ્યયન કરે છે ? વર્ગખંડ પ્રક્રિયા પ્રભાવક અને અસરકારક તથા રસપ્રદ બને તેના વિશે શું પગલાં લઈ શકાય ? નિયત સમયમાં પાઠ આયોજન પૂર્ણ કરવાની તમારી યોજના યોગ્ય છે ? નિયત અધ્યયન નિષ્પત્તિની પ્રાપ્તિ માટે આ તમામ બાબતોનું સ્વ-મૂલ્યાંકન કરવું ખૂબ જરૂરી છે.

**● તમારી જાતને પ્રેરણા આપો.**

પ્રખ્યાત શિક્ષકો અને પ્રેરણાદાયી શિક્ષણવિદો તથા નેતાઓ વિશે વાંચો. શૈક્ષણિક અને મોટીવેશનલ ફિલ્મો જુઓ. યાદ રાખો જગતના તમામ વ્યવસાય કરતાં તમારો શિક્ષક તરીકેનો વ્યવસાય ભિન્ન છે. અલબત્ત આ એક સેવા છે. જેમાં યુગપરિવર્તન કરવાની શક્તિ છે. માટે વિવિધ માધ્યમ વડે સતત પ્રેરણા મેળવતા રહો.

**● તમારા સહકર્મીઓ સાથે સમય વિતાવો.**

કંઈક પ્રાપ્ત કરવા કરતાં આપવું વધુ સારું છે. જેમ નવું શાળાકીય વર્ષ નજીક આવે છે તેમ શિક્ષક તરીકે એ જાણવાની જરૂર છે કે તેઓની કેટલી પ્રશંસા થાય છે. તમારા સાથી શિક્ષક સાથે બેસો જે તમને પ્રેરણા આપે અને તેમને જણાવો કે તેઓ વિદ્યાર્થીઓ અને તમારા માટે કેટલા મહત્ત્વપૂર્ણ છે. તેમની સાથે ભોજન લો અને અનુકૂળતા મુજબ સહ પરિવાર પ્રવાસનું આયોજન કરો. શાળાના શૈક્ષણિક ભાવાવરણના નિર્માણમાં આ ખૂબ જરૂરી છે.

**● સક્રિય નાગરિક બનો.**

જે શિક્ષકો સામુદાયિક સેવા પ્રવૃત્તિમાં ભાગ લે છે તે માત્ર કુશળતા જ નહીં પરંતુ આત્મવિશ્વાસ અને આત્મસન્માન મેળવે છે. વૅકેશન દરમિયાન સક્રિય રીતે સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાવું અને વિદ્યાર્થીઓને સામાજિક જવાબદારી સમજાવવાનો પ્રેરણાસ્રોત બનવાનો પ્રયત્ન કરવો. વર્ગખંડ અને શાળાના કાર્યદિવસોમાં સામાજિક જવાબદારી નિભાવવામાં આડે આવતા અવરોધોને દૂર કરવાનો આ સોનેરી અવસર છે. તમારા વિદ્યાર્થીઓ સક્રિય નાગરિક તરીકે તમને ઓળખે તે ખૂબ જરૂરી છે. 'વ્યક્તિ મટી વિશ્વમાનવી' બનવાની આ સુંદર તક છે.

**● વાલીને ભાવિ યોજના બનાવવામાં મદદ કરો.**

વિદ્યાર્થીઓ જ્યારે વૅકેશન બાદ શાળામાં પાછા ફરે છે ત્યારે તેઓ કઈ બાબતની આતુરતાથી રાહ જોતા હોય છે તેની ટૂંકી સૂચિ વિકસિત કરો. ઉદાહરણ તરીકે, જો વિદ્યાર્થીઓ પ્રાચીન સંસ્કૃતિનો અભ્યાસ કરતા હોય તો તેના માતા-પિતાને સૂચવો કે શૈક્ષણિક ટી.વી., ફિલ્મ અથવા સ્થાનિક સંગ્રહાલયની મુલાકાત લઈ જે તે વિષય પર મૂલ્યવાન પૃષ્ઠભૂમિ પ્રદાન કરી શકે. વૈશ્વિક બેસ્ટ સેલર પુસ્તકો બાળકોને વાંચવા આપી તેમની વાચનભૂખ સંતોષી શકાય. શક્ય હોય ત્યાં શાળાની કે સ્થાનિક લાઈબ્રેરીનો સંપર્ક કરી વૅકેશન વાચન કાર્યક્રમ યોજી શકાય. વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન અંગે વાંચવા પ્રેરી શકાય.

**● સાંભળવું એ પણ શીખવાનું છે ?**

સાંભળવું એક કળા છે. ઉત્તમ શ્રોતા બનવાનો પ્રયાસ કરવો. સાંભળવું એ શીખવાની એક આકર્ષક રીત છે. પુસ્તકો, સંગીત, સ્ટેજ નાટકો, કૉમેડી દિનચર્યાઓ અને અન્ય કાર્યો વિશે સાંભળવું સૌને ગમે છે. સમાવેશી શિક્ષણ માટે સાંભળવાનું શીખવું એ શીખવાની અક્ષમતા ધરાવતાં બાળકો માટે ખાસ કરીને મદદરૂપ છે. જો તમને ઑડિયોબુક્સ ગમે છે, તો મનપસંદ ઑડિયો બુક્સ સાંભળો.

**● કેટલીક પ્રવૃત્તિઓ :**

ઉનાળાના વૅકેશનનો ઉપયોગ ટૂંકા ગાળાના ઑનલાઈન અભ્યાસક્રમ માટે થઈ શકે છે. આ અભ્યાસક્રમ માત્ર જ્ઞાન અને કૌશલ્ય જ નથી વધારતા પણ વ્યક્તિત્વનો પણ વિકાસ કરે છે. ભવિષ્ય માટે અંગ્રેજી પર તથા વૈશ્વિક ભાષાઓ પર સારી પકડ જરૂરી છે. ઘણા શિક્ષકોથી અંગ્રેજી લખી, વાંચી શકાય પણ બોલી શકાતું નથી. માટે શક્ય હોય તો સ્પીકીંગ ઈંગ્લીશ કોર્સમાં જોડાવું. આ ઉપરાંત યોગા, ધ્યાન, મૅડિટેશન, એરોબિક્સ, મ્યૂઝિક, કોરિયોગ્રાફી, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, ચિત્રકલા, કમ્પ્યૂટર જેવા ઘણા અભ્યાસક્રમોમાં ભાગ લઈ શોખને વિસ્તૃત કરી શકાય છે. નવી શિક્ષણનીતિ અને સ્કૂલ ઑફ ઍક્સલન્સ જેવા શૈક્ષણિક નવા વિચારો વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરો.

**યોગથી અવાજ સુધરે, નીરોગી રહેવાય, બુદ્ધિ-ઉત્સાહ વધે, ત્વચા તેજસ્વી બને. (શિવ પુરાણ)**

વતનથી દૂર રહેતા શિક્ષકો રજાઓમાં ખાસ તમારાં બાળકોને વતન-ગામની મુલાકાત લેવા લઈ જાઓ. માતા-પિતાથી દૂર વિભક્ત કુટુંબમાં રહેતા લોકો પરિવાર સાથે દિવસો વિતાવે તે ખૂબ જરૂરી છે. વૃદ્ધાવસ્થામાં માતા-પિતાને તમારી હૂંફની ખૂબ જરૂર છે. કવિ મુકેશ જોશીના શબ્દોમાં કહીએ તો;

**''બાના ઘરમાં વૅકેશન જ્યાં માળો બાંધી રહેતું,**
**રસગુલ્લાની ચાસણી જેવું વ્હાલ નીતરતું વહેતું,**
**દોડાદોડી, સંતાકૂકડી, સહુ પકડાઈ જાતાં,**
**ભાઈ-ભગિની ભેળાં બેસી, સુખનો હિંચકો ખાતાં.''**

બસ, આ પ્રેમ અને હૂંફ સમગ્ર વર્ષ દરમિયાન ઊર્જા પૂરી પાડશે. આનાથી બાળકો ગામડામાં જોડાશે અને આપણી પરંપરા અને સંસ્કારો જાણશે.

સખત મહેનત કરી વિદ્યાર્થીઓનું ભાવિ ઘડનાર શિક્ષક સતત વિચારમંથન પછી થોડો સમય તેના નાના બગીચામાં વિતાવે છે જે ચોક્કસ તેને આરામ અને આનંદનો અનુભવ કરાવે છે. જ્યારે તેણે રોપેલા નાના છોડને ઊગતા, ફૂલ આવતા અને ફળ આપતા જુએ છે ત્યારે તે સૃષ્ટિના આનંદમાં મગ્ન થઈ જાય છે. આવી જ રીતે વૅકેશનનનો આનંદ ગમે તે રીતે માણવામાં આવે તેનાથી હૃદય અને મન તાજગીભર્યું રહે છે, ઊર્જાનો સંચાર થાય છે અને નવા સત્રમાં નવીનતા સાથે શિક્ષકત્વ ખીલી ઊઠે છે. શુભ અને આનંદદાયી વૅકેશનની શુભકામનાઓ.

---

**સંપર્ક: મદદનીશ શિક્ષક,**
**શ્રી એલ.ડી. મુનિ હાઈસ્કૂલ,**
**મુ. સિહોર, જિ. ભાવનગર-364240**

## એક પત્ર શિક્ષકનો, માતા-પિતા જોગ... !!

**સુજ્ઞ વાલીશ્રી,**

આપના પાલ્યનું ધોરણ-12 નું પરિણામ
આપે મેળવ્યું / જોયું હશે.
આપ આપના બાળક (પાલ્ય) ના
પરિણામથી કાં તો ખુશ હશો અથવા નારાજ ...
પરંતુ, કૃપા કરી યાદ રાખજો કે આ તમામ વિદ્યાર્થી,
કે જે પરીક્ષામાં સામેલ હતા.
તે પૈકી કેટલાક કલાકાર પણ છે,
તેમને ગણિતમાં પારંગત થવાની આવશ્યકતા નથી.
તે પૈકી કેટલાક સાહસિકો પણ છે.
તેઓ ઈતિહાસ કે અંગ્રેજી સાહિત્યમાં
કેટલીક મુશ્કેલીઓ અનુભવતા પરંતુ...
તે જ ભવિષ્યમાં ઈતિહાસ સર્જશે...
તે પૈકી કેટલાક સંગીતકાર પણ છે.
તેમને રસાયણશાસ્ત્રના આંકડાની કોઈ જ
આવશ્યકતા નથી.
તે પૈકી કેટલાક રમતવીર છે
તેમની ફિઝીકલ ફિટનેસ
ફિઝિક્સના અંક કરતા વધારે મહત્ત્વપૂર્ણ છે.
જો આપનો પાલ્ય વધારે ગુણ પ્રાપ્ત કરે તો તે ઘણી સારી
બાબત છે.
પરંતુ જો તે તેમ ન કરી શકે તો કૃપા કરી
તેનો આત્મવિશ્વાસ ના ગુમાવશો....
તેનો વિશ્વાસ વધારો કે બધું બરાબર છે.
અરે ! આ તો ફક્ત પરીક્ષા હતી.
તું તો જીવનમાં આનાથી પણ ઘણી મહાન
સિધ્ધિઓ માટે સર્જાયેલ છે.
તે બાબતથી કોઈ જ ફરક નથી પડતો કે
તેણે કેટલા ટકા પ્રાપ્ત કર્યા છે.
તેને પ્રેમ આપો...
તેના જીવન માટે પોતાનો નિર્ણય જાહેર ન કરો.
જો આપ તેને ખુશખુશાલ જીવન જીવતાં શીખવી શકો
તો તે કંઈ પણ બને તો તેનું જીવન સફળ છે.
જો તે, ખુશમિજાજ નથી,
અને, કંઈ પણ બનશે... ડૉક્ટર, ઈજનેર વગેરે.
પરંતુ સફળ નહિ થાય... શું આ વાત આપને ગમશે ?
કૃપા કરી આપ આટલું કરશો. વિશ્વાસ રાખો કે-
આપનું બાળક દુનિયા જીતવા સમક્ષ બની રહેશે.
એક પરીક્ષા અથવા A1 ગ્રેડ કે 90 ટકાની માર્કશીટ
આપના પાલ્યના સ્વપ્નનો માપદંડ નથી.

(સંકલન)

**યોગ એટલે 99 ટકા અભ્યાસ અને 01 ટકો સિદ્ધાંત.**

# કરિઅર : એક રાસ્તા હૈ જિંદગી, જો થમ ગયે.. તો કુછ નહીં !

જય વસાવડા

એક મુસાફર બરફીલા પર્વતના શિખરે ચડવા માટે યાત્રા કરતો હતો. રસ્તામાં બરફનું તોફાન હતું. મુસાફર થાકયો હતો, વસ્ત્રો ફાટયા હતા, ખોરાક ઓછો હતો અને જોખમ વધુ હતું. રસ્તામાં એક વિરામસ્થળે એ રોકાયો, એને પૂછવામાં આવ્યું કે આ બધી વિપત્તિઓ વચ્ચે એ પર્વતની ટોચે કઈ રીતે પહોંચશે ?

"હું પહોંચીશ." મુસાફરે ખુમારીથી જવાબ આપ્યો, "કારણ કે મારું હૃદય તો મારી મંઝિલ પહેલાં જ પહોંચી ગયું છે. હવે બાકીના શરીરે તો એને અનુસરવાનું છે."

કરિઅર એટલે કારકિર્દી અને ઍમ્પલોયમેન્ટ એટલે રોજગાર, બંનેમાં ફરક શો ? અત્યારે તો જેમાં વધુ કમાણી એ કરિઅર, એવું સાદું સમીકરણ બેસી ગયું છે પણ વાત આટલી સીધી સાદી નથી. આ તો રોજગારની વ્યાખ્યા થઈ. કામ કરો ને દામ મેળવો. કરિઅરમાં આ બંને ઉપરાંત પણ એક ચીજ છે. એ છે નામ. રેપ્યુટેશન. કરિઅર સેલ્ફ આઈડેન્ટિટીનું રિફ્લેકશન છે. એમાં શ્રેષ્ઠ પ્રયત્નો અને શ્રેષ્ઠ પરિણામોની સાધના છે. કરિઅરમાં પાસિંગ માર્ક્સ હોતા નથી, આ 'ધ બેસ્ટ' લોકોની કલબ છે. જ્યાં 100% નહિ, 110%, 150% પરફોર્મન્સ આપવું પડે છે.

પરિણામોની રાહ જોયા વિના જ પરીક્ષાઓ પૂરી થાય કે વાલીઓ ઊંચાનીચા થાય છે. ઊંચા પરિણામને કારણે 'ચિત્રકૂટ કે ઘાટ પે ભઈ ભક્તન કી ભીડ' જેવો ઘાટ સર્જાયો છે. પેરન્ટ્સ એમનાં સંતાનોને લઈને ઍડ્મિશન માટે રેસ લગાવે છે. વૅકેશનમાં જ કોર્સિસ અને ઈન્સ્ટિટ્યૂટસના પ્રોસ્પેક્ટસ મંગાવે છે. તગડી ફી ચૂપચાપ ચૂકવી દે છે. 'અહીંથી ભણ્યા પછી નોકરી મળી જશે ?', 'કેટલો પગાર મળશે ?' એવા સવાલો સ્કૂલ-કૉલેજના કાર્યાલયોમાં પૂછવામાં આવે છે પણ કેટલા સ્ટુડન્ટ્સ કે પેરન્ટ્સ પોતે જે કોર્સ કરવા માંગે છે એનો ત્રણ-ચાર-પાંચ વર્ષનો કરિક્યુલમ (અભ્યાસક્રમ) મેળવીને રજાઓમાં વાંચે છે ?

એમાંનું શું સહેલું કે અઘરું લાગે છે - એનું સેલ્ફ ઍનાલિસિસ કરે છે અને પછી જે-તે કોર્સ કરવાનો નિર્ણય લે છે ? તેજસ્વી વિદ્યાર્થીના પ્રત્યક્ષ કે પરોક્ષ ઈન્ટરવ્યૂઝ લેવાય છે પણ તેજસ્વી તારલાઓ કેમ એવી માંગ નથી કરતા કે, 'અમને જે ભણાવવાના છે, એ શિક્ષકોને અમારે મળવું છે. એમની ગુણવત્તા પારખવી છે. અમારે ટ્રાયલ માટે કેટલાક લેકચર્સ ભરીને ડિસિઝન લેવું છે!' ધક્કામુક્કીમાં બધાને પૈસા ચૂકવી દેવા છે, પણ સંગઠિત બનીને આવી વાજબી માંગણીઓ કરવી નથી, બેગર્સ આર નો ચૂઝર્સ ! કરિઅર શિયાળવાની લાળીથી નથી બનતી, સિંહની ડણકથી બને છે!

કરિઅર પસંદ કરવાના આપણાં કારણો અને તારણો વિચિત્ર છે. પગાર અને તકોના આધારે કોર્સનો નિર્ણય લેવાઈ જાય છે. પાંચ વર્ષ પછીની સ્થિતિનો કોઈ અંદાજ મૂકતું નથી. બહેનપણી કે ભાઈબંધને પૂછીને એની પાછળ-પાછળ એ જ કોર્સ કે સંસ્થામાં દાખલ થવાના નિર્ણય લેવાઈ જાય છે. (એ બહેનપણી કે ભાઈબંધે વળી વડીલોના આંગળી ચિંધામણથી બીજા કોઈને પૂછ્યું હોય છે!) કોઈ જાગૃત માતા-પિતા વળી સાહેબ લોકોને પૂછીને સર્વેક્ષણ કરે છે. પોતે ધારેલા અનુમાન પર એમને બીજા લોકોનો સ્ટેમ્પ મરાવવો હોય છે, જેથી ભવિષ્યમાં પ્રોબ્લેમ્સ થાય તો એમની કશી જવાબદારી જ નહિ ! સવાલ એ થાય તો વળી કરિઅર ચૉઈસ માટે કોને પૂછવું ?

એને, જેને આપણે સૌથી ઓછી સાંભળીએ છીએ ! મતલબ, જાતને ! જેલમાં જન્મટીપ હોય તો 14 વર્ષે બહાર આવી શકાય છે. કરિઅરમાં જીવો ત્યાં સુધીનો સમય વીતાવવાનો રહે છે. આપણી સ્ટ્રેન્થ અને વિકનેસને ઓળખો. પ્લે ઑન યોર સ્ટ્રેન્થ. તમારા પ્લસ પોઈન્ટ મુજબ સપનાંઓ સિલેક્ટ કરો !

બેસ્ટ કરિઅર ચોઈસ માટે 'ફોર-ટી' ફોર્મ્યુલા છે. 'ફોર ટી' યાને ટાઈમ, ટેસ્ટ, ટ્રેઝર, ટેલેન્ટ. જે તે કરિઅર જમાવવા માટે જેટલો સમય આપવો પડે એ આપણી પાસે છે

યોગ એટલે સારું અને સુંદર જીવન જીવવાની કળા.

કે નહિ ? એટલી ધીરજ છે ? બીજા કશા પરિબળો નડે એમ નથી ને ? ભવિષ્યમાં કંટાળો નહિ આવે ને ? ભવિષ્યનો સમય આ કરિઅરમાં આનંદમાં જશે ને ? પાછળથી સમયની 'તાણ'-મનનો સ્ટ્રેસ નહિ વધારે ને ?

બીજી અને સૌથી મહત્ત્વની વાત ટેસ્ટ. એટલે પરીક્ષાની વાત નથી. આ વાત છે ટેસ્ટ યાને સ્વાદની. આપણા રસ અને રૂચિની. ન ગમતા ક્ષેત્રમાં રસ ન પડે. રસ ન પડે તો સમય ન અપાય. સમય ન અપાય તો ગુણવત્તા ન જળવાય. ગુણવત્તા ન હોય તો કશું યાદ ન રહે. યાદ ન રહે તો નિષ્ણાત ન બનાય. નિષ્ણાત ન બનો તો કરિઅર ન બને ! અને તમને ગમતું કામ કરો, તો થાક ન લાગે !

ત્રીજું ટ્રેઝર, યાને ખજાનો. જે-તે કારકિર્દી ઘડવા માટે કેટલા રૂપિયા રોકી શકાય તેમ છે ? કરિઅર રિસોર્સિસ વિના બનતી નથી, બુક્સ, સીડી, કમ્પ્યૂટર, ટ્રાવેલિંગ... આ બધો બેસ્ટ કરિઅર માટેનો ખર્ચ નથી. રોકાણ છે, જેટલું વધુ ઈન્વેસ્ટમેન્ટ એટલું સારું રિટર્ન અને વધુ વળતર જોઈએ, તો રોકાણ ટૂંકા ગાળાનું નહિ, પણ લાંબા ગાળાનું જોઈએ. સદ્‌નસીબે, ટેલેન્ટેડ વ્યક્તિ પૈસાના અભાવે ભણી ન શકે એ યુગ બળદ ગાડાઓ અને ફાનસોની સાથે જ આથમી ગયો છે.

ચોથું, ટેલેન્ટ. સિંગર બનવું હોય તો નેચરલ વોકલ કોર્ડ્સ જોઈએ. સોલ્જર બનવું હોય તો ફિટનેસ. ચિત્રકાર બનવા માટે કલ્પનાના રંગો અને ઍક્ટર બનવા માટે મિમિક્રીની આવડત. ચેક કરી લો. ફિલ્મ ડાયરેક્ટર બનવું હોય તો મોબાઈલમાં મૂવી ઉતારી જુઓ અને ક્રિકેટર બનવા માટે સીઝન બોલથી રમવા જાવ. લિમિટ ખબર પડે તો ખ્યાલ આવે કે સપનાં જેટલી ક્ષમતા છે કે નહિ !

હવે પૂછો તમારી જાતને ! તમે આજથી 10 વર્ષ પછી તમારી જાતને ક્યાં જોવા માંગો છો ? આંખો મીચો અને વિચારો ! બધા પાસે ફક્ત એક જ જિંદગી હોય છે. એમાં તમને મજા પણ આવે અને કંઈક જગત નોંધ લે એવું કરી બતાવો એવો ઉપયોગ કેમ કરી શકાય ? જે જવાબ મળે, એમાં કરિઅર શોધવાનો પ્રયત્ન કરો !

કરિઅર ખોળામાં ટપકી પડતું પાકું ફળ નથી. એનું વાવેતર કરી એને ઉછેરવું પડે છે, પકાવવું પડે છે. ટોપ ઉપર જગ્યા હંમેશાં ખાલી હોય છે. શિખર હોવું જોઈએ.! અને શિખર પર પહોંચવા માટે એક એક પગથિયાં ચડવા પડે.

21મી સદીનો કરિઅર મંત્ર 25 વર્ષ અગાઉ વિચાર્યો હતો ! અર્ન ફાસ્ટ, લર્ન ફાસ્ટ ! બધાને ઝટપટ અર્નિંગ (કમાણી) જોઈએ છે, પણ કોઈને લર્નિંગ (શીખવા) માટે સ્પીડ પકડવી નથી ! લાગવગની ચિઠ્ઠીઓ કે નસીબના જોરે તક મળે છે., પણ તક જાળવી શકાતી નથી. ઈનામમાં મળેલી કારને પણ ચલાવવા માટે ડ્રાઈવિંગ શીખવું પડે છે. કાર મફત મળી શકે, ડ્રાઈવિંગની સ્કિલ અર્થાત્ આવડત નહિ !

દુનિયામાં 'ધ બેસ્ટ કરિઅર' જેવી કોઈ ચીજ નથી. હોય છે 'ધ બેસ્ટ' માણસો. એ જે કરિઅરમાં - ઝુકાવે, તેને નવી ઊંચાઈએ લઈ જાય છે. કુદરતે ગુલાબ અને ગલગોટા બંને બનાવ્યા છે. કોયલ અને કાગડા બંનેનું એને મન મહત્ત્વ છે. પરાણે કોઈ ગલગોટો ગુલાબ થવા જાય કે કાગડો કોયલ થવા જાય તો... યસ, યુ નો ઈટ. બાવાના બેઉ બગડે. એટલે જ આસપાસ બીજાઓ સાથે સરખામણી કરવાને બદલે સ્પર્ધા જાત સાથે કરો. આપણે ગઈકાલે હતા, એનાથી આજે વધુ બહેતર બન્યા ? ગયા વર્ષ કરતાં આ વર્ષે આપણા બાયોડેટામાં કશું ઉમેર્યું ? આપણી પાસે ગયા મહિના કરતાં આ મહિને થોડા નવા વિચારો આવ્યા ? ઈફ યસ, યુ આર ઑન રાઈટ ટ્રેક.

રજાઓમાં મજા કરતા કરતા દિમાગની બત્તી જલાવતા જાવ.ક્યો કોર્સ સારો ! કઈ ઈન્સ્ટિટયૂટમાં પ્લેસમેન્ટ મળશે ? કઈ કરિઅરનું ફ્યુચર બ્રાઈટ છે. આવું બધું પૂછવાને બદલે એક લિસ્ટ બનાવો. જે આવડે છે જેમાં રસ છે એ બાબતો પ્લસ સાઈડમાં, જે નથી આવડતું, નથી ફાવતું એ માઈનસ સાઈડમાં. કમ્પેર કરી નક્કી કરો કે થોડી મહેનત, માર્ગદર્શન, મુદત પછી કેટલા ઉધાર પાસાઓ, જમા બાજુએ આવી શકશે ? અને પછી જે કરિઅર ગમતી હોય એના લાંબા ગાળાના ફિચર્સ વિચારો. આપણી કેટલી એસેટ્સ (પ્લસ પોઈન્ટ્સ) એમાં ફિટ થશે અને કેટલી નબળાઈઓ સ્પીડબ્રેકર બનશે, એ નક્કી કરો. વન્સ યુ મેઈક ડિસિસન... જસ્ટ ગો ફોર ઈટ..! ઑલ ધ બેસ્ટ !

---

**('કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-2020' પુસ્તકમાંથી સાભાર)**

**ધ્યાન એ આત્માનો પ્રાણ છે, યોગ મગજને શાંતિ ને શક્તિ આપે છે.**

ધોરણ 9 થી 12ના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ

# લોકસાહિત્યના શિક્ષણનું અનુશીલન

ડૉ. ભરત જાદવ

**(ગતાંકના અનુસંધાનમાં)**

## લોકગીતો

લોકગીતો વિશે જયંત શેખડીવાળાએ સાચું જ કહ્યું છે કે "લોકગીતો લોકો દ્વારા, લોકો માટે, જીવંત લોકબોલીઓમાં રચાયેલાં લોકોનાં ગીતો છે. તેમાં સમગ્ર લોકજીવનનું, તેના સાંસ્કૃતિક પ્રાકૃતિક પરિવેશ સહિત, નિરૂપણ થયું છે. મૌખિક પરંપરા દ્વારા તે પ્રાચીનકાળથી માંડી આજ સુધી ઉતરી આવ્યાં છે. લોકોના કંઠમાં જળવાયાં છે અને કંઠોપકંઠ ચોતરફ ફેલાયાં છે. તેમની રચના કોણે કરી હશે, તે વિશે નિશ્ચિત કશું કહી શકાય તેમ નથી?"

માત્ર લોકકથાઓ જ નહીં, પણ લોકગીતો પણ એટલાં જ મહત્ત્વનાં છે. આ લોકગીતોમાં પ્રસંગ મુજબ માત્ર ભાવ જ નહીં તેની સંસ્કૃતિ પણ સ્થાન પામતી હોય છે. ધોરણ-9 'ગુજરાતી'ના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ **"તેજમલ"** સમાજમાં દીકરીની તાકાતનો પરચો આપતું અદ્‌ભુત લોકગીત છે. દીકરો ન હોવાની ચિંતામાં દુઃખી પિતાજીને દીકરી કહે છે -

**"શીદને રુવો છો દાદા, શું છે અમને કહો ને રે**
**દળકટક આવ્યું છે દીકરી, વહારે કોણ ચડશે રે ?**
**સાત-સાત દીકરીએ દાદો વાંઝિયો કહેવાણો રે**
**હેયે હિંમત રાખો દાદા, અમે વહારે ચડશું રે...**

**અને લોકગીતનો અંત પણ સકારાત્મક અને પ્રેરક છે-**

**"દળકટક વાળી તેજમલ ઘરે પધાર્યા રે,**
**દાદે ને કાકે એને મોતીડે વધાવ્યાં રે...**

ધોરણ 12ના 'ગુજરાતી'ના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ **"ભવના અબોલા"** લોકગીત જોતાં જણાઈ આવે કે તેમાં લોકસંસ્કૃતિના સંસ્કારો કેવા અદ્‌ભુત અને સહજ અભિવ્યક્ત થયાં છે. સાસરેથી દીકરી પોતાના દાદા અર્થાત્ પિતાજીને સાસરે પડતાં દુઃખો વિશે સંદેશ મોકલે છે, તો દાદા કહે છે કે -

**"દીકરી ! દુઃખ રે હોય તો વેઠીએ,**
**દીકરી ! સુખ તો વેઠે છે સૌ."**

ત્યારે દીકરી ખેતર-ડુંગર, કૂવો-સમંદર, બળદ-પતિ, કાગળ-ભાગ્ય જેવાં રૂપકો દ્વારા એની પીડાને કરુણ રીતે રજૂ કરે છે તે જોઈએ -

**"દાદા ! ખેતર હોય તો ખેડીએ,**
**ઓલ્યા ડુંગર ખેડ્યા કેમ જાય ?**
**દાદા ! કૂવો રે હોય તો તાગીએ,**
**ઓલ્યા સમંદર તાગ્યા કેમ જાય ?**
**દાદા ! ઢાંઢો હોય તો વેચાએ,**
**ઓલ્યો પરણ્યો વેચ્યો કેમ જાય ?**
**દાદા ! કાગળ હોય તો વાંચીએ**
**ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય ?**

આ સહજ અને અર્થસભર અભિવ્યક્તિ એ જ લોકગીતોનો પ્રાણ છે. એમાં રજૂ થયેલાં રૂપકો ગ્રામ્યસંસ્કૃતિ અથવા જીવાતા જીવનમાંથી જ લીધેલાં હોય છે. કોઈપણ તેના મરમને ખૂબ જ સારી રીતે સમજી અને તેમાં તરબોળ થઈ શકે. એમાં લય, રાગ-સૂર અને ઢાળ પણ ખૂબ જ સારી રીતે ઝીલાય છે. અહીં જે રીતે દાદાની મૂઝવણો અને તેજમલ તેના ઉપાયો બતાવીને સૈન્ય સાથે લડીને વિજય મેળવે છે, તે દર્શાવતાં પ્રતીકો વપરાયાં છે, તેમાં જ લોકગીતની ખરી મઝા છે. ગ્રામ્ય પરિવેશમાં વાંઝિયાપણું આજે પણ મૂંઝવતી માન્યતા છે જ, તેવી સ્થિતિમાં આવાં લોકગીતો સમાજમાં દીકરીઓના મહત્ત્વને પ્રસ્થાપિત કરવામાં ઉત્તમ સહાયકની ભૂમિકા ભજવી શકે છે.

**સદા જાગરૂક, જગતનાગરિક સાગરતીર્થ નિવાસી**
**હું ગૂર્જર ભારતવાસી. (ઉમાશંકર જોશી)**

ધોરણ 10 ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ ખૂબ લોકપ્રસિદ્ધ લોકગીત - 'ચાંદલિયો' લોકગીતની પંક્તિ **"આસો માસો શરદપૂનમની રાત જો, ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.."** શરદપૂનમની રૂપાળી રાત્રીએ ગરબે રમતી નવપરિણાતાના ભાવોની ભરતીનો હિલ્લોળ વ્યક્ત થયો છે. પૂર્વજન્મના માતા-પિતા જેવાં સાસુ-સસરા, ચંપાના છોડ જેવા જેઠ, ચંપાના ફૂલની પાંદડી જેવી જેઠાણી, વાડીની વેલ જેવી નણંદ, વાડીના મોરલા જેવા નણદોઈ પોતાને મળ્યાં છે એનો આનંદ પ્રગટ કરે છે. અંતમાં સગી નણંદનો વીર એવા પતિ માટે કહે છે કે -

**"પરણ્યો મારો સગી નણંદનો વીર જો,**
**તાણીને બાંધે રે નવરંગ પાઘડી."**

એ જ રીતે ધોરણ 11માં - **"વનમાં ચાંદલિયો ઉગ્યો"** લોકગીતમાં પ્રિયતમ પ્રત્યેના સંવાદાત્મક ભાવો રજૂ થયા છે. આંગણે આવેલ પ્રિયતમને દાતણ-નાવણ-ભોજન-મુખવાસ અને પછી પોઢણ એટલે કે આરામ કરવા વિનવે છે, પણ મિત્રો સાથે હોવાથી તે આ બધા જ આગ્રહો સ્વીકારતો નથી. આવા વિરહને પણ ભાવસ્વરૂપમાં બદલીને રજૂ કરવાની તાકાત આપણાં લોકગીતોમાં સમાવીને રેલાઈ રહ્યાં છે.

### દુહા

લોકસાહિત્યમાં દુહાનું અભૂતપૂર્વ સ્થાન છે. શિવદાન ગઢવી નોંધે છે કે ચારણી સાહિત્યના વિદ્વાન સંશોધક અને રાજસ્થાન - ગુજરાતના ચારણી સાહિત્યના બે મુખપત્રોના તંત્રી તરીકે રહેલ ખેતસિંહજી મીસણે દુહાને તેમના શબ્દોથી આ રીતે પિછાણ કરાવી છે. જેના શબ્દો ઉચ્ચારણમાં ઉરવલોણાના ઘૂઘવાટનો રવ જન્મે છે, જેના શબ્દોની થપાટે પ્રેમીઓના આત્મપંખની પાંખો ફફડી ઊઠે છે. જેણે લૂખા ઉપદેશને પણ સોનેરી બનાવ્યા છે. જેના કથનબાણે ભલભલાના માન મુકાવ્યાં છે. જેના શબ્દનાદથી હિંમત હારી બેઠેલા યોદ્ધાઓની કમરે ફરી હથિયાર બંધાવ્યાં છે. જે છેલ્લા એક હજાર વર્ષથી પશ્ચિમ હિંદુસ્તાનના લોકસમાજમાં બોલાતો આવ્યો છે. તે દુહો : અપભ્રંશ છંદનો એક પ્રકાર અને લોકપ્રિય સાહિત્યસ્વરૂપ છે. સંસ્કૃતમાં શ્લોકનું અને પ્રાકૃતમાં ગાથાનું જેવું સર્વોપરી સ્થાન છે તેવું જ અપભ્રંશમાં દુહા (દોહા)નું મહત્ત્વપૂર્વ સ્થાન છે. અપભ્રંશકાળથી વિકસતાં આવેલાં લોકપ્રિય ગુર્જર કથાગીતોનો રાજા દુહો છે."

રાજસ્થાની તથા હિંદી ભાષામાં પણ દુહો લોકપ્રિય છે. દુહાનો એક વિશેષ પ્રકાર દોહાવિદ્યાની લોકપ્રિય ભૂમિ સોરઠના નામ ઉપરથી સોરઠો તરીકે પ્રસિદ્ધ છે. ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે તેમ લોકવાર્તાઓમાં દુહા વચ્ચે વચ્ચે ટાંકવામાં આવે છે. એથી વાર્તા કે કથાપ્રસંગ રસમય અને સંવેદનસભર બને છે. દુહા એ વાર્તારૂપી ઇમારતના સ્તંભો અને કમાનો છે, રવેશો અને ઝરૂખા છે. "પિંગલશાસ્ત્ર પ્રમાણે દુહો એ માત્રિક છંદ છે. તે દોહરાનું જ લોકપ્રિય રૂપ છે. તેનાં ચાર ચરણ છે. પહેલા અને ત્રીજા ચરણમાં તેર માત્રા તથા બીજા અને ચોથા ચરણમાં અગિયાર માત્રાઓ હોય છે."

ધોરણ 9 - ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ દુહામાં અત્યંત લાઘવથી કળિયુગનાં લક્ષણો વર્ણવ્યાં છે. જે માણસનાં શરીર પ્રમાદથી ખોટાં થઈ ગયાં હોય, જેને ગમે તેટલું મળે તોપણ તૃપ્તિ ન હોય અને જેનાં હેયાં ફૂટેલ હોય એ કળિયુગના ખોટું કાર્ય કરનારા યુગના માણસો છે. સમજુ લોકો એ જાણતા હોય છે.

**"તન ખોટાં હેયા ફૂટલ ધરવ ન કશીયે વાત,**
**કળજગની જાત, શાણા સમજે સાનમાં."**

એ જ રીતે ધોરણ-10 ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં સુભાષિત જેવી મહત્ત્વની વાત કરતાં કવિ કહે છે કે કુળદીપક થવું એટલે કે પોતાના ખાનદાનને ઉજાળવું કઠિન છે. દેશદીપક થવું એ તો ખૂબ જ અઘરી બાબત છે. પણ જગતના દીપક તો કોઈ ભગવાનના અંશ જ થઈ શકે.

**દીવાલ પર ટાંગેલ એક નકશો તું નથી,**
**ઘુઘવાટ તું ! બળકટ તું ! ધબકાર તું ગુજરાત છે. (કરસનદાસ લુહાર)**

કુલદીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ,
જગદીપક જગદીશના, અંશી કોક અલભ્ય.
આવ નહીં, આદર નહીં, નહીં નયનમાં નેહ,
તે ઘર કદી ન જાઈએ, કંચન વરસે મેહ.''

ધોરણ 11ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ દુલા ભાયા કાગના બે દુહાઓમાં મોટા થયા પછી, માનો ખોળો છોડી દીધા પછી ફરી તે પામવા કેવો તલસાટ અનુભવે છે તેનું અદ્‌ભુત વર્ણન કરતાં કવિ કહે છે કે -

મોટા કરીને મા તેં ખોળેથી ખહતા કર્યા,
ખોળો ખૂંદવા ફરીથી કરને બાળક કાગડા.

તો વળી ખૂબ જ પ્રસિદ્ધ એવા બીજા દોહામાં કવિ માતૃવિરહને, માના મહિમાને અદ્‌ભુત રીતે નોંધતા કહે છે કે

''મોઢે બોલું મા, મને હાયે ય નાનપણ હાંભરે
મોટપ કેરી મજા મને કડવી લાગે કાગડા.''

આમ, દુહાઓ ખૂબ જ પ્રભાવશાળી અર્થ સાચવીને લહેરાઈ રહ્યા છે. દુહાના મહત્ત્વ વિષે 'દુહો આપણા દેશનો' નામના લેખમાં શિવદાન ગઢવી લખે છે કે - ''દુહાના કંઠોપકંઠ પ્રવાહ ઉપરથી અનેક આંધીઓ ઊડી ગઈ તેમ છતાં ચારણોની પેઢી દર પેઢીની જબાન થંભી નથી. આ સમયે તે હવે પુસ્તક સ્વરૂપે સચવાઈ રહ્યો છે. કેટલીયે હસ્તપ્રતોમાંથી તે બહાર આવ્યો નથી. રાજ્ય સરકાર દ્વારા પ્રારંભાયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મેઘાણી કેન્દ્ર રાજકોટ એ હસ્તપ્રતોને જીવંત કરી રહ્યું છે. આપણો મોંઘામૂલો વારસો જીવંત રહેશે.''

**વિદ્યાર્થીઓમાં લોકસાહિત્ય પરત્વે જાગૃતિ માટે કરવાજોગ પ્રયાસો અને વ્યવસ્થા :**

ધોરણ 9 થી 12 ના 'ગુજરાતી'ના પાઠ્યપુસ્તકોમાં જે લોકસાહિત્ય આધારિત પ્રકરણો છે, તેનો આશય જે તે પ્રદેશના લોકસાહિત્ય તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન જાય તે છે. શાળામાં તે માટે લોકગીતો, લગ્નગીતો, લોકકથાઓ, વારતહેવારે, લગ્ન-મરણ પ્રસંગે, મેળા-હાટે, ફસલ ટાણે ગવાતાં ગીતો, યોજાતાં આયોજનો અને જીવાતા રિવાજો અભિવ્યક્ત થાય તે ખૂબ જરૂરી છે. આ લખનારે શાળામાં તેવા પ્રયાસો કર્યા છે અને તેનાં સારાં પરિણામો મળ્યાં પણ છે. તેનાથી વિદ્યાર્થીઓમાં સર્જનશક્તિની સાથેસાથે પોતાના વારસાનું ગૌરવ જોયું છે. એ જ રીતે આ પ્રકારના લોકકલાકારોના કાર્યક્રમો, કાર્યશાળાઓ થાય તે પણ એટલું જ જરૂરી છે. ગામડાઓમાં ક્યાંક લોકરિવાજો થતા હોય તેવા પ્રસંગે વિદ્યાર્થીઓને ઉપસ્થિત રાખીને પણ તે માટેની પ્રેરણા આપી શકાય છે. જે તે પ્રદેશના લોકકલાકારોનું જાહેર સન્માન પણ આ દિશાનું એમ મહત્ત્વનું કદમ સાબિત થાય તેમ છે. એ સાથે જ તેવા પ્રકારના સાહિત્યનું સંકલન જિલ્લા કક્ષાએ થાય તેવું આયોજન પણ ખૂબ મહત્ત્વનું છે. આ આપણો જીવંત વારસો છે, અને તે જીવંત રહે તે જોવાની જવાબદારી વર્તમાન પેઢીની છે.

**ઉપસંહાર**

માધ્યમિક વિભાગના તરુણાવસ્થામાં આવેલ વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા અને સર્જનશક્તિ ખૂબ જ હોય છે. તેમને પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ લોકસાહિત્યના આધારે વ્યવસ્થિત માર્ગદર્શન અને પ્રેરણા મળે તે ખૂબ જરૂરી છે. વર્તમાન પાઠ્યપુસ્તકોમાં કોઈ પ્રદેશની ભાષા, સંસ્કૃતિને પ્રાધાન્ય મળેલ છે. તેના તળપદા શબ્દો, કે જેનો ઉત્પત્તિના મૂળગત કારણથી અન્ય પ્રદેશના વિદ્યાર્થી વાકેફ ન હોય. તેના સ્થાને વિદ્યાર્થીઓના વિસ્તારના લોકસાહિત્યને પૂરક વાચન તરીકે સ્થાન આપી તેના આધારે તેમાં નૂતન સર્જન, અવલોકન, સ્પર્ધા અને સમીક્ષાને સ્થાન આપવું જોઈએ. આંતરિક મૂલ્યાંકનમાં કોઈક રીતે તેનું ગુણાંકન કરીને પરિણામલક્ષી દિશામાં પણ વિચાર કરવો જોઈએ. શાળા દ્વારા પણ પ્રયાસો થવા જોઈએ.

---

**સંપર્ક : એમ.વાય. હાઈસ્કૂલ,**
**દાહોદ, જિ. પંચમહાલ**

જીવવું તારું કામ કરીને, મરવું તારું નામ સ્મરીને,
તારે અંક ઊગો, મા ! મારા જીવનનું પહેલું પ્રભાત ! ઓ મારી ગુજરાત (જયંત પાઠક)

# ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગતઃ
# શહીદ રામપ્રસાદ બિસ્મિલ

**જીતુ નાયક**

ભારત દેશ નારીરત્નોની ખાણ ગણાય છે કારણ કે આપણા દેશમાં એવી કેટલીય ભારતીય આદર્શ નારીઓ થઈ છે કે જેના થકી આપણા દેશનું ગૌરવ વધ્યું છે. ખાસ કરીને અંગ્રેજોની ગુલામીના સમયમાં દેશ માટે પોતાના પુત્રોને યુવા અવસ્થાએ મા ભોમ માટે શહીદ થવા માટે પ્રેરણા પૂરી પાડનાર નારીરત્નોનું સવિશેષ મહત્ત્વ રહેલું છે. અમર શહીદ પંડિત રામપ્રસાદ બિસ્મિલ પણ એવું જ એક પાત્ર છે કે જેના ઘડતરમાં તેમની માતા મૂલારાનીનો સવિશેષ ફાળો રહેલો છે. પુત્રને અમર શહીદ રામપ્રસાદ બિસ્મિલ બનાવવા પાછળ તેમની માતાનો સિંહફાળો રહેલો છે.

રામપ્રસાદ બિસ્મિલને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી તે સમય દરમિયાન તેઓ જેલમાં હતા અને આ સમય દરમિયાન તેમણે પોતાની આત્મકથા લખી હતી. આ આત્મકથાના અંશ વાંચતા એક બાબત સ્પષ્ટ તરી આવે છે કે તેમના જીવનઘડતરમાં તેમની માતાનું સવિશેષ યોગદાન રહેલું છે. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે એવા કેટલાય વીર ક્રાંતિકારી શહીદ પુરુષોને આપણે યાદ કરીએ છીએ ત્યારે આવા વીર પુરુષને મા ભોમ માટે કુરબાન થવા માટે વજ્ર સમાન હૈયું બનાવીને ‘હસતા મોંએ’ ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે તૈયાર કરનાર ભારતીય બહાદુર નારીરત્નોને પણ યાદ કરવી જ રહી. રામપ્રસાદ બિસ્મિલના માતાજી પણ આમાંના એક આપણા ભારતીય નારીરત્ન હતા કે જેમણે પોતાના પરિવારના વિચારોથી વિરુદ્ધમાં જઈને પણ પોતાના પુત્રને ક્રાંતિકારી પ્રવૃત્તિમાં ભાગ લેવડાવી દેશસેવા કરવા માટે મદદ કરી છે.

રામપ્રસાદ બિસ્મિલની માતા પરણીને સાસરે આવ્યા ત્યાં સુધી બિલકુલ નિરક્ષર હતા. પોતે અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરશે તો જ પોતાનાં સંતાનોને પણ સાક્ષર બનાવી શકશે એ વાતને ધ્યાને લઈને તેમણે સાસરે આવ્યા બાદ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું અને એ સાક્ષરતાના આધારે પોતાનાં સંતાનોની અંદર પણ સંસ્કાર, દેશપ્રેમ અને શિક્ષણનું સિંચન કર્યું. રામપ્રસાદ રામ્રસાદ બાળપણથી જ દેશભક્તિના રંગે રંગાયેલા હતા. આ વાતની જાણ બિસ્મિલની માતાને સહજ રીતે થઈ ગઈ હતી. માતા પણ દેશભક્ત જ હતી માટે તેણીએ પોતાના પતિ અને સાસુની દૃષ્ટિથી બચાવીને પોતાના પુત્રને દેશભક્તિના રંગે રંગાવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. બિસ્મિલના પિતા અને દાદીમા બિસ્મિલની પ્રવૃત્તિઓથી થોડા જાણકાર થયા અને માટે જ બિસ્મિલના બાળપણમાં લગ્ન કરાવીને સંસારમાં પરોવવા માગતા હતા. તે સમયે બિસ્મિલની માતાએ બાળકનું ભણવાનું બગાડવાનું નથી એવું કારણ આપીને બિસ્મિલના બાળલગ્ન અટકાવી દીધા. આમ કરવા પાછળનો માતાનો આશય તો એ જ હતો કે બિસ્મિલ સંસારની મોહ-માયામાં ન ફસાય અને ભારતમાતાની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દે. ધન્ય છે આવી માતાને...!

બિસ્મિલને પણ પોતાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે માતાની સહાયતા મળતી રહી અને મા ભોમની સેવા કરવાનો અનેરો ઉત્સાહ વધતો ગયો. માતાની સહાયતાના કારણે બિસ્મિલની અંદર ક્રાંતિકારી પ્રવૃત્તિના મૂળિયા બરાબર મજબૂત બની ગયા હતા. ધીરેધીરે બિસ્મિલ ક્રાંતિકારીઓ સાથે ભળતા ગયા. વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, અશફાખ ઉલ્લાખાન વગેરે ક્રાંતિકારીઓના વિચારો અને દેશભક્તિ એક થતી ગઈ. તેઓ તેમની પ્રવૃત્તિઓને અપનાવતા ગયા અને દેશને આઝાદી અપાવવા માટે તત્પર બનતા ગયા. આ સમયગાળા દરમિયાન તેમના માનસ ઉપર આર્યસમાજનો

**સંત-મહંત- અનંત વીરોની વહાલી અમારી માત !**
**જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત ! અમારી ગુણવંતી ગુજરાત ! (કવિ ‘ખબરદાર’)**

સીધો પ્રભાવ પડ્યો હતો તેના થકી પણ તેમના જીવનમાં ઘણુંબધું પરિવર્તન આવી ગયું હતું. રામપ્રસાદ બિસ્મિલ પોતે એક સારા કવિ, લેખક, સાહિત્યકાર પણ હતા. પોતાના પુસ્તકમાંથી મળતી રકમ પણ તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે આપી હતી.

આમ તો કાકોરી ટ્રેન લૂંટનો પ્રસંગ રામપ્રસાદ બિસ્મિલ સાથે જોડાયેલો છે અને આ ઘટના થકી તેમને સજા રૂપે ફાંસી પણ આપવામાં આવી હતી. વાસ્તવમાં બિસ્મિલ અને તેમના સાથીમિત્રો ક્રાંતિકારી પ્રવૃત્તિ કરતા હતા. તેમના માટે શસ્ત્રો અને નાણાંની જરૂર પડતી હતી. તે જરૂરિયાતની પૂર્તિ કરવા માટે તેઓ આ રીતે અંગ્રેજોના ખજાનાને લૂંટતા હતા અને તેના થકી દેશની આઝાદીની પ્રવૃત્તિઓમાં તેનો ઉપયોગ કરતા હતા. આ હેતુથી જ તેમણે કાકોરી રેલ લૂંટની યોજના બનાવી હતી. આ યોજનાની અંદર તેઓએ અને તેમના મિત્રોએ સફળતા પ્રાપ્ત કરી પણ લીધી હતી. પરંતુ કેટલાક અંગ્રેજભક્ત મિત્રોના કારણે, કેટલીક લાલચોના કારણે તેમની આ પ્રવૃત્તિની જાણ અંગ્રેજ સરકારના કાન સુધી પહોંચી ગઈ. આ પ્રવૃત્તિના મુખ્ય સૂત્રધાર તરીકે રામપ્રસાદ બિસ્મિલનું નામ મોખરે હતું. તેથી બિસ્મિલના અનેક સાથીઓને પકડીને, તેમના ઉપર અનેક અત્યાચારો કરીને બિસ્મિલ અંગેની જાણકારી પ્રાપ્ત કરી તેમને પકડી લેવામાં આવ્યા.

તેમના ઉપર કાકોરી ટ્રેન લૂંટનો કેસ ચલાવવામાં આવ્યો. તેમને ફાંસીની સજા પણ કરવામાં આવી. આ સમય દરમિયાન તેમણે જેલમાં રહીને પોતાની આત્મકથા લખી અને ફાંસીના એકાદ બે દિવસ પહેલાં ખાનગી રીતે એ જેલની બહાર તેમણે મોકલી દીધી. આ આત્મકથામાં તેમની દેશભક્તિ અને દેશદાઝનાં અખૂટ દર્શન થાય છે. તેમાં તેમની માતાના તેમણે ખૂબ ગુણો ગાયા છે. સાથે સાથે જનમોજનમ મને આવી જ માતા મળે એવી પ્રાર્થના કરી છે. જેથી વારંવાર માતૃભૂમિની સેવા કરી શકાય એવા વરદાન પણ પ્રભુ પાસે માંગ્યા છે. ફાંસીના આગળના દિવસે આત્મકથાની અંદર તેમણે પોતાની માતા માટે જે શબ્દો કહ્યા છે એ એક ભારતીય નારી માટે અવર્ણનીય શબ્દો હતા. તેમણે કહ્યું કે, ‘‘હે મા, મને મૃત્યુનો કે ફાંસીનો જરાય ડર નથી પરંતુ અંતિમ સમયે હું તારા ચરણોની સેવા નહીં કરી શકું એનું મને કાયમ માટે દુઃખ રહેશે. પરંતુ હે માતા, યાદ રાખજે કે આજે તારો પુત્ર માત્ર એક જ માતાનો પુત્ર નહીં પરંતુ અનેક ભારતીયોની માતાનો પુત્ર શહીદ થવા જઈ રહ્યો છે. ભારતમાતા તો માતાઓની પણ માતા છે. માટે ઇતિહાસનાં પાનાં ઉપર સુવર્ણ અક્ષરે રામપ્રસાદ બિસ્મિલની માતાનું નામ પણ અમર થઈ જશે.’’

રામપ્રસાદ બિસ્મિલ વચનપાલનમાં ખૂબ જ પાક્કા અને અડગ માણસ હતા. તેમની માતાએ તેમને ક્રાંતિકારી પ્રવૃત્તિ કરવા માટે મંજૂરી તો આપી હતી પરંતુ એક શરત રાખી હતી કે... ‘હું તને ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે મંજૂરી તો આપું છું પરંતુ મને વચન આપ કે તું કોઈ પણ વ્યક્તિના પ્રાણ લઈશ નહિ.’ બિસ્મિલે પણ પોતાની માતાને જે વચન આપ્યું હતું તે વચનનું પાલન કરવા માટે સંપૂર્ણપણે પ્રયત્ન કર્યો હતો. છતાં પણ અનિચ્છાએ એક-બે વાર માતાના વચનનો ભંગ થયો હતો એ બાબત પણ તેમણે આત્મકથામાં સ્વીકારી છે. આમ જ્યારે આઝાદી માટે આહુતિ આપનાર વીર શહીદોને આપણે યાદ કરીએ છીએ ત્યારે આ વીર શહીદોને ભરયુવાનીમાં કુરબાની માટે તૈયાર કરનાર તેમની માતાઓનું પણ વિશેષ યોગદાન રહેલું છે એ પણ આઝાદીના અમૃત મહોત્સવે આપણે ભૂલવું જોઈએ નહીં. રામપ્રસાદ બિસ્મિલની માતા મૂલારાની પણ એક એવું જ પાત્ર છે જેમણે સામે ચાલીને પોતાના પુત્રને મા ભોમની સેવા માટે સમર્પિત કરી દીધો છે. માતા-પુત્ર બંનેને કોટિ કોટિ નમન...

---

**સંપર્ક : મદદનીશ શિક્ષક, સર્વ વિદ્યાલય,**
**કડી, જિ. મહેસાણા**

**જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,**
**ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત. (‘ખબરદાર’)**

# ગુજરાત :
# સામાન્ય જ્ઞાન કસોટી

**સંકલન**

1. ગુજરાત અલગ રાજ્ય તરીકે કઈ સાલમાં અસ્તિત્વમાં આવ્યું ?
2. ગુજરાત રાજ્યનો સ્થાપના દિન કયા માસની કઈ તારીખે ઉજવાય છે ?
3. ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રીશ્રી કોણ હતા ?
4. ગુજરાતમાં પ્રથમ રાજ્યપાલશ્રી તરીકે કોણ હતા ?
5. ગુજરાત રાજ્યના કુલ કેટલા જિલ્લા છે ?
6. ગુજરાત રાજ્યનું વર્તમાન પાટનગર કયું છે ?
7. વિસ્તાર કે ક્ષેત્રફળની દૃષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કયો છે ?
8. સૌથી વધુ વસ્તી ધરાવતો જિલ્લો કયો છે ?
9. સૌથી ઓછી વસ્તી ધરાવતો જિલ્લો કયો છે ?
10. સૌથી ઓછો વિસ્તાર ધરાવતો જિલ્લો કયો છે ?
11. અલગ ગુજરાત રાજ્ય માટેની મહાગુજરાત ચળવળના નેતા કોણ હતા ?
12. ગુજરાત રાજ્ય અલગ થયું તે પહેલાં તે કયા રાજ્ય સાથે જોડાયેલું હતું ?
13. ગુજરાત વિધાનસભાના સભ્યો માટેની કુલ બેઠકો કેટલી છે ?
14. ગુજરાત માટે લોકસભાના સભ્યો માટેની કુલ બેઠકો કેટલી છે ?
15. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કોણે કરી હતી ?
16. ‘દેશના દાદા’ તરીકેનું બિરુદ કયા ગુજરાતી મહાનુભાવને મળ્યું હતું ?
17. ‘ગુજરાતના કલાગુરુ’ તરીકેનું બહુમાન કોને મળેલું છે ?
18. વસ્તીની દૃષ્ટિએ ભારતનાં બધાં રાજ્યોમાં ગુજરાતનો ક્રમ કેટલામો છે ?
19. ક્ષેત્રફળની દૃષ્ટિએ ભારતનાં રાજ્યોમાં ગુજરાતનું સ્થાન કયું છે ?
20. આદિવાસીઓની સૌથી વધુ વસ્તી કયા જિલ્લામાં છે ?
21. ગુજરાત રાજ્યના વર્તમાન મુખ્યમંત્રીશ્રી કોણ છે ?
22. ગુજરાત રાજ્યના વર્તમાન રાજ્યપાલશ્રી કોણ છે ?
23. ગુજરાતનો ખેલાડી રાષ્ટ્રીય ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરે ત્યારે તેને કયો ઍવોર્ડ આપવામાં આવે છે ?
24. ગુજરાતનો ખેલાડી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સિદ્ધિ મેળવે ત્યારે તેને કયો ઍવોર્ડ એનાયત કરવામાં આવે છે ?
25. લોકકલા ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનારને કયો ઍવોર્ડ પ્રાપ્ત થાય છે ?
26. સૌપ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક ગુજરાતના કયા સાહિત્યકારને પ્રાપ્ત થયો હતો ?
27. ગુજરાતમાં માનવકલ્યાણના ક્ષેત્રે ઉમદા પ્રવૃત્તિ કરનારને કયો ઍવોર્ડ મળે છે ?
28. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના કયા વિદ્યાર્થીને રસાયણશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળ્યું હતું ?
29. પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શાહ અને રઘુવીર ચૌધરી- આ ચાર ગુજરાતી સાહિત્યકારોને કયું સર્વોચ્ચ પારિતોષિક પ્રાપ્ત થયું છે ?

**વૃક્ષો તો પર્યાવરણના પહેરેગીરો છે, માનવજીવનનું સુખ છે.**

30. રવીન્દ્રનાથ ટાગોર સ્થાપિત 'વિશ્વભારતી યુનિવર્સિટી'ના કુલાધિપતિપદે કયા ગુજરાતી કવિ / સર્જકે સેવાઓ આપી છે ?
31. અંતરિક્ષ ક્ષેત્રે વિશ્વવિખ્યાત બનેલી ઝુલાસણ (જિ.મહેસાણા)ની કઈ ગુજરાતી મહિલા છે ?
32. 'ગુજરાતની જીવાદોરી' કઈ નદીને ગણવામાં આવે છે ?
33. ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ કોણ હતા ?
34. 'ભારતીય અવકાશ સંશોધનના પિતા' કયા ગુજરાતી વિજ્ઞાની ગણાય છે ?
35. ગુજરાતમાં 'પુસ્તકાલય પ્રવૃત્તિ'ના પ્રણેતા કોણ હતા ?
36. ભારતમાં ટેલિકોમ ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં કયા ગુજરાતીએ અગત્યની ભૂમિકા ભજવી હતી ?
37. ગુજરાતના કયા ક્રાંતિકારી દેશભક્ત ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષયના અધ્યાપક હતા ?
38. ગુજરાતની પ્રથમ સરકારને બંધારણના શપથ કોણે લેવડાવ્યા હતા ?
39. ભારતીય ભૂમિ સેનાના પ્રથમ ગુજરાતી ફિલ્ડ માર્શલ કોણ હતા ?
40. 'જય જય ગરવી ગુજરાત' કાવ્યરચના કયા કવિની છે ?
41. સ્વતંત્ર ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષ (સ્પીકર) કયા ગુજરાતી હતા ?
42. વિદેશમાં સૌપ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવનાર ગુજરાતી કોણ હતા ?
43. ગુજરાતનાં પ્રથમ મહિલામંત્રી કોણ હતાં ?
44. એએમએ, આઈઆઈએમ અને પીઆરએલ- એ કયા ગુજરાતી મહાનુભાવની દીર્ઘદષ્ટિનું પરિણામ છે ?
45. કયા સાહિત્યકાર 'સવાઈ ગુજરાતી' તરીકે ઓળખાય છે ?
46. ગુજરાત રાજ્યની સ્થાપનાનો સમારંભ કયાં યોજવામાં આવ્યો હતો ?
47. ગુજરાતના કયા અણુ વિજ્ઞાનીએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સૌપ્રથમ નામના મેળવી હતી ?
